જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૭/૦૮/૨૦૨૬ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૧૮૯/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૦ કેસ કરી, ૨૦ વ્યક્તિઓને ઝડપી, ૩૪૮ લીટર દેશી દારૂ, ૦૧ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૧૬૮ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૦૩ બિયર ટીન, ૦૧ રિક્ષા, ૦૧ લકઝરી અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૦૫ કેસ કરી, ૩૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૬૫,૪૪૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૧૧૯૦/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૫૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૧૯૧/૨૦૨૬**

સોલા હાઈકોર્ટઃ પ્રવિણભાઈ પુનીયાભાઈ રાઠવા (ઉ.વ.૨૮) (રહે.ગામ–માલુ તા–છોટા ઉદેપુર જી–છોટા ઉદેપુર) એ તા.૨૬/૦૮/૨૦૨૬ ના રોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધવી છે કે સોલા બ્રીજ પાસે એસ્ટ્રલ ફાઉન્ડેશન ઓક્સિજન પાર્ક ખાતેથી આરોપી ભરતકુમાર બાબુલાલ પટેલ (રહે. સત્વમ ઈસ્કોન, વટવા, અમદાવાદ શહેર મુળ વતન.રણેલા, જેતપુર જી.મહેસાણા) નાઓ મહિન્દ્રા કંપનીનુ સ્વરાજ ટ્રેકટર નંબર જીજે ૩૪ એચ ૬૭૯૪ કિમત રૂપિયા ૪,૦૦,૦૦૦/– તથા સોનાલીકા કંપનીનુ ડી.આઈ.૩૫– એચ.ડી.એમ ટ્રેક્ટર નંબર જીજે ૩૪ એન ૩૭૭૮ કિમત રૂપિયા ૫,૦૦,૦૦૦/– બન્ને ટ્રેકટર માસીક ભાડું આપવાનો વિશ્વાસ આપી લઈ જઈ આજદીન સુધી બન્ને ટ્રેકટરોનુ ભાડું નહી આપી તેમજ બંને ટ્રેક્ટર પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે.આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.બી.મેસવાણીયા ચલાવે છે.

મેઘાણીનગરઃ કૌશિકકુમાર અમૃતલાલ પંચાલ (ઉ.વ.૫૪) (રહે. ગુજરાત હાઉસિંગ બોર્ડ કોલોની, રાધા કૃષ્ણ મંદિર પાસે મેઘાણીનગર) એ તા.૨૬/૦૮/૨૦૨૬ ના રોજ મેઘાણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધવી છે કે તા.૦૯/૦૮/૨૦૨૬ ના રોજ મોબાઈલ નંબર ૯૭૫૨૫૪૯૨૮૯ ના ધારકે કૌશિકકુમાર પંચાલ નાઓને ફોન કરી કૌશિકકુમારના ઘરે પીઓપી તથા કલરકામ કરેલ કારીગરની ઓળખાણ આપી જણાવેલ કે મારા ભાઈને હોસ્પીટલમાં તાત્કાલીક પૈસાની જરૂરીયાત છે તો હું તમારા ખાતામાં પૈસા ટ્રાન્સફર કરૂં છું તે પૈસા તેઓના મિત્ર (મોબાઈલ નંબર ૮૦૩૧૦૭૯૪૦૦) ના ખાતામાં ટ્રાન્સફર કરવાની વાત કરી તેઓએ પૈસા ટ્રાન્સફર થયાનો સ્ક્રીન શોર્ટ મોકલી ચાલુ ફોનમાં મેસેજમાં જોઈ લેવાનું કહેતા કૌશિકભાઈએ ટેક્સ મેસેજમાં રૂપિયા ૬૫,૦૦૦/– જમા થયાનો મેસેજ જોઈ તેઓએ આપેલ નંબર ૮૦૩૧૦૭૯૪૦૦ ઉપર ઓનલાઈન રૂપિયા અનુક્રમે ૩૦,૦૦૦/– તેમજ ૩૫,૦૦૦/– ટ્રાન્સફર કર્યા હતા. ત્યારબાદ પોતાના ખાતામાં ચેક કરતા પૈસા જમા થયેલ ન હતા ત્યારે ઉપરોક્ત મોબાઈલ નંબરનો સંપર્ક કરતા તેઓએ ફોન બંધ કરી દીધો હતો. આમ ખોટી ઓળખાણ આપી પૈસા ટ્રાન્સફર કરાવી મેળવી લઈ છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વી.કે.દેસાઇ ચલાવે છે.

ક્રાઈમ બ્રાન્ચઃ રાકેશભાઈ અરવિંદભાઈ સોની (ઉ.વ.૫૨) (રહે. પ્રમુખ એપાર્ટમેન્ટ આત્મારામ પાર્ક ઘોળેશ્વર મહાદેવ સામે ઈસનપુર ગામ ઈસનપુર) એ તા.૨૬/૦૮/૨૦૨૬ ના રોજ ક્રાઇમ બ્રાન્ચ ખાતે ફરીયાદ નોધાવી છે કે આરોપી (૧) "જેવા જવેલર્સ" ના માલીક મુનીરભાઈ (૨) "આસિક જ્વેલર્સ" ના માલીક અજીજભાઈ (૩) "જાશ્મીન જ્વેલર્સ" ના માલીક જેબુદ્ધીનભાઈ હાજીભાઈ અને (૪) જેબુદ્ધીનભાઈ હાજીભાઈનો ભત્રીજો તાલુભાઈ (તમામ રહે. આઈ.એલ.એમ.માર્કેટ, કોલેજ અલી રોડ, લખટોકીયા, ગુવાહાટી, આસામ) એ ભેગા મળી માહે માર્ચ-૨૦૨૬ માં અમદાવાદ, રતનપોળ, શેઠની પોળ, સહજાનંદ માર્કેટમાં "જૈનમ જ્વેલર્સ" નામની રાકેશભાઈ સોનીની દુકાન ખાતે આવી પોતે આઈ.એલ.એમ.માર્કેટ, કોલેજ અલી રોડ, લખટોકીયા, ગુવાહાટી, આસામ ખાતે પોતાની જવેલર્સની દુકાન ઘરાવી વેપાર કરતા હોવાનું જણાવી રાકેશભાઈ સોનીને સોનાની વિંટી તથા બુટી બનાવવાનું કામ આપી, જે કામ પેટે તાત્કાલિક રોકડ રકમ ચુકવી આપી રાકેશભાઈ સોનીને વિશ્વાસમાં લીધા હતા. ત્યારબાદ તા.૦૫/૦૪/૨૦૨૬ ના રોજ ચારેય વેપારીઓએ સોનાના સેટ, ચેઈન, જેન્ટસ રીંગ, બુટ્ટી, લેડીઝ રીંગ, બ્રેસલેટ વિગેર મળી ૨૨ કેરેટ ગોલ્ડના દાગીના, ૧૬૨૪ ગ્રામ વજનના કિમત રૂપિયા ૨,૧૯,૦૦,૦૦૦/- ના દાગીના બનાવવાનો રાકેશભાઈ સોનીને ઓર્ડર આપી તેઓના વતન ખાતે ડીલીવરી કરવાનું કહી ઓર્ડરનો માલ મળતાની સાથે એક સાથે તમામ રકમ ચુકવી આપવાની ખાત્રી આપી હતી. જેથી ઓર્ડર પ્રમાણે રાકેશભાઈ સોની તથા સાહેદએ ભેગામળી દાગીના તૈયાર કર્યા હતા, જે દાગીના આપવા માટે રાકેશભાઈ સોની નાઓ આસામ, ગોવાહાટી ખાતે ગયા હતા ત્યારે ઓર્ડર મુજબના સોનાના દરદાગીના આરોપીઓએ મેળવી લઈ, પોતાની પાસે હાલ નાણાંકીય વ્યવસ્થા નથી તેમ જણાવી નાણાંની સામે ૨૪ કેરેટની સોનાની લગડીઓ નંગ-૯ કુલ વજન ૧૪૯૪ ગ્રામની કિમત રૂપિયા ૨,૧૯,૦૦,૦૦૦/- ગણી રાકેશભાઈ સોનીને લેવાના નિકળતા પૈસા સામે સોનુ મજરે ગણી લેવાનુ જણાવેલ, જે જુનુ સોનુ હોય જેથી બીલ કુરીયરમાં મોકલી આપવાનુ જણાવેલ ત્યારબાદ આપેલ લગડીઓ ચેક કરતા સોનાના વરખ ચડાવેલી નકલી સોનાની લગડીઓ જણાઈ આવેલ, આમ ચારેય આરોપીઓએ સોનાના દાગીના કુલ રૂપિયા ૨,૧૯,૬૨,૫૦૦/- મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ ક્રાઈમ બ્રાન્ચ આર્થિક ગુના નિવારણ શાખા પો.સ.ઈ.શ્રી એમ.ડી.સોલંકી ચલાવે છે.

નારોલઃ સુનિલકુમાર જયંતીલાલ બ્રહ્મભટ્ટ (ઉ.વ.૫૪) (રહે. કૃષ્ણકુંજ એપાર્ટમેન્ટ રામબાગ સોસાયટી મણીનગર) એ તા.૨૬/૦૮/૨૦૨૬ ના રોજ નારોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધવી છે કે સુનિલકુમાર બ્રહ્મભટ્ટ નાઓ રોનક કમ્પાઉન્ડ ગેટ નંબર-૧ એચ.પી.પેટ્રોલ પંપના ખાંચામા ઈસનપુર નારોલ હાઈ-વે ખાતે આવેલ શ્રી ગણેશ સેલ્સ નામની પેઢી ઘરાવી તેમજ જસ્ટ ડાયલ દ્વારા ઈલેક્ટ્રીક સામાનનો વેપાર કરતા હોય તા.૩૦/૦૯/૨૦૨૫ થી તા.૨૯/૧૦/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી હેતલ ભટ્ટી (રહે.પ્રગતીનગર હાઉસીંગ વરદાન ટાવર સામે નારણપુરા) એ જસ્ટ ડાયલ દ્વારા શ્રી ગણેશ સેલ્સ નામની પેઢીમાંથી મનીષ પટેલ ખોટુ નામ ઘરાવી ડીપ ફ્રીજર તેમજ વર્ટીકલ ફ્રુલર ફ્રુલ કિમત રૂપિયા ૬,૧૬,૦૦૦/- ખરીદ કરી નારણપુરા વરદાન ટાવર સામે પ્રગતીનગર હાઉસીંગ ખાતે માલ મંગાવી બારોબાર અન્ય વાહનમાં મેળવી લઈ ખોટા ચેક આપી આજદીન સુધી નાણાં નહી ચુકવી વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.પી.રાણા ચલાવે છે.

વટવા જીઆઈડીસીઃ કૌશલકુમાર નટવરલાલ પટેલ (ઉ.વ.૩૮) (રહે. એન્ટીલીયા નિર્ણયનગર) એ તા.૨૬/૦૮/૨૦૨૬ ના રોજ વટવા જીઆઈડીસી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધવી છે કે તા.૦૫/૦૨/૨૦૨૫ ના રોજથી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન વટવા જીઆઈડીસી વિઝોલ ગામ રોપડા બ્રીજ સરસ્વતી ચાર રસ્તા નજીક હરજીત ક્રેન સર્વિસીસ નામના ગેરેઝ ખાતેથી આરોપી મહેશભાઇ નટુભાઇ પટેલ (રહે. રાવલવાસ ગામ-મેમદપુર તા-જોટાણા જી-મહેસાણા) કંપનીના નામની ક્રેન નંબર જીજે ૧૦ સીઈ ૧૪૯૫ વેચાણ કરાર કરી રૂપિયા ૪,૮૦,૦૦૦/- ચુકવી લઈ જઈ બાકી નિકળતા રૂપિયા ૨૧,૭૧,૦૦૦/- નહી ચુકવી તેમજ ક્રેન અન્ય વ્યક્તિને વેચાણ આપી વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જે.જી.જાડેજા ચલાવે છે.

ઘરફોડઃ– **સમાચાર ચાદી નં.૧૧૯૨/૨૦૨૬**

નિકોલઃ દિનેશભાઇ મોહનભાઇ પંચાલ (ઉ.વ.૬૯) (રહે. ગેલેક્ષી હોમ્સ બંગ્લોઝ ઉદય ઓટો શો–રૂમ પાછળ કઠવાડા તા–દસ્ક્રોઇ જી.અમદાવાદ) એ તા.૨૬/૦૮/૨૦૨૬ ના રોજ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૩/૦૮/૨૦૨૬ થી તા.૨૪/૦૮/૨૦૨૬ સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી ડ્રોઅરમાંથી ચાંદીની લગડી નંગ–૬ તથા રોકડ રૂપિયા ૨,૯૯,૨૦૦/– મળી કુલ રૂપિયા ૬,૭૭,૨૦૦/– મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એ.ચૌહાણ ચલાવે છે.

વસ્ત્રાપુરઃ અનિલ સમરસિંહ રાજપુત (રહે. હરીઓમ બંગલોઝ, આબાદનગર રોડ, બોપલ) એ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૫/૦૮/૨૦૨૬ કલાક ૦૨/૧૫ થી તા.૨૬/૦૮/૨૦૨૬ કલાક ૦૭/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન જીજીસ બંગલો રોડ કદમ કોમ્પલેક્ષમાં ગ્રાઉન્ડ ફ્લોર પર ખાતે આવેલ પોતાના "ચોઇસ પાન પાર્લર" નુ શટર વચ્ચેથી ઉંચુ કરી અજાણી વ્યક્તિ પ્રવેશ કરી પાન પાર્લરમાંથી સીગારેટ તેમજ રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૭૪,૪૦૦/– મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.બી.ગઢવી ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૧૧૯૩/૨૦૨૬**

રાણીપઃ નટરાજન ગોપાલકૃષ્ણન મુતૃકર્પન જાતે આદીદ્રવિડ (ઉ.વ.૪૭) (રહે. પ્રતાપજીની ચાલી કેશવનગર રાણીપ) એ અગમ્ય કારણસર તા.૨૬/૦૮/૨૦૨૬ કલાક ૭/૫૦ વાગ્યા પહેલા પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રાણીપ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મુકુંદકુમાર ગીરીશભાઇ ચલાવે છે.

શાહપુરઃ સુરેશભાઈ રમેશભાઈ દાતણીયા (ઉ.વ.૫૫) (રહે. ગોડીજી એપાર્ટમેન્ટની બાજુનો મહોલ્લો નાગોરીવાડ શાહપુર) એ બીમારીથી કંટાળી તા.૨૫/૦૮/૨૦૨૬ બપોરના ૨/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી પ્રવાહી પી લીધું હતું. સારવાર માટે તેમને સિવિલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે શાહપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી શ્રી એ.પી.ચૌધરી ચલાવે છે.

ચાંદખેડાઃ રજની વા/ઓ સર્વેશ રાજપુત (ઉ.વ.૨૦) (રહે. જ્ઞાનસાગર સોસાયટી ભાગ–૨ જનતાનગર પાછળ ચાંદખેડા) એ અગમ્ય કારણસર તા.૨૬/૦૮/૨૦૨૬ સવારના ૧૦/૫૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી શ્રી વી.જી.ડાભી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ.યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી